# સંશોધન નિયામકશ્રીની કચેરી
## નવસારી કૃષિ યુનિવર્સિટી
એરૂ ચાર રસ્તા, નવસારી

NAVSARI AGRICULTURAL UNIVERSITY

**ડો.એ.એન.સાબલપરા**
સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

ફોન ૦૨૬૩૭ – ૨૮૩૧૬૦, ૦૨૬૩૭ – ૨૮૩૪૫૨
૨૮૨૭૭૧ થી ૭૫ એક્સ.૧૩૨
ફેક્સ ૦૨૬૩૭ – ૨૮૩૪૫૨


જા.નં.નકૃયુ/સંનિ/ આયોજન/પ્લાન યોજના/બજેટ/ ૯૯૮૧–૧૦૦૩૫ /૨૦૧૩ તા.૨.૦૯.૨૦૧૩

પ્રતિ,
યુનિટ અધિકારીશ્રી/યુનિટ અધિકારીશ્રી /સંશોધન કેન્દ્રના વડાશ્રીઓ
નવસારી કૃષિ યુનિવર્સિટી,

વિષય : પ્લાન યોજનાનું આગામી વર્ષ : ૨૦૧૪–૧૫નું અંદાજપત્ર મોકલવા બાબત

સંદર્ભ : ૧. અત્રે કચેરીના પત્રક્રમાંક : જા.નં. નકૃયુ જા.નં.નકૃયુ/સંનિ/ આયોજન/ પ્લાન યોજના/બજેટ/૯૧૨૯–૩૦ તા.૬.૦૭.૨૦૧૩
૨. જા.નં. નકૃયુ જા.નં.નકૃયુ/સંનિ/ આયોજન/પ્લાન યોજના/બજેટ/ ૨૦૧૪–૧૫/ ૯૫૬૩–૯૧/ તા. ૨૩/૮/૧૩

સવિનય ઉપરોક્ત વિષય પરત્વે ધ્યાન દોરતાં જણાવવાનું કે, આપના તાબા હેઠળ/કેન્દ્ર ખાતે કાર્યરત પ્લાન યોજનાનું સુધારેલ અંદાજપત્ર ૨૦૧૩–૧૪ અને આગામી વર્ષ ૨૦૧૪–૧૫ (પ્રપોઝ) અંદાજપત્ર નિયત પ્રફોર્મામાં તૈયાર કરી આયોજન શાખામાં બજેટ તૈયાર કરનાર જાણકાર કર્મચારીને રૂબરૂ મોકલાવી ચકાસણી સમયે જે તે સુચવેલ સુધારાની વિગતો દર્શાવી યોજનાકીય બજેટ તૈયાર કરી તા.૫/૯/૨૦૧૩ સુધીમાંરજુ કરવા વિનંતી છે.જેથી આ અંદાજપત્ર સરકારશ્રીની સુચનાનુસાર નિયામક મંડળની બંઠકમાં મંજુરી મેળવી સરકારશ્રીમાં નિયત સમયમર્યાદામાં રજુ કરવાનું હોય છે. સમયમર્યાદા બાદ આવેલ અંદાજપત્ર સ્વીકારવામાં આવશે નહિં જે જાણ સારું.

(૧) અંદાજપત્રમાં વર્ષ : ૨૦૧૦–૧૧, ૨૦૧૧–૧૨, ૨૦૧૨–૧૩ ખર્ચનાં આંકડા આઈટમ સામે અંદાજપત્રનાં નિયત પત્રકમાં દર્શાવવાના રહેશે.

(૨) વર્ષ : ૨૦૧૩–૧૪માં ખર્ચની વિગત દર્શાવવા ફાળવેલ ગ્રાન્ટ સામે નવેમ્બર સુધી થનાર અંદાજીત ખર્ચ દર્શાવવાનો રહેશે.

(૩) આગામી વર્ષ : ૨૦૧૪–૧૫માં ચાલુ યોજનાનો આયોજીત ખર્ચ (વર્ષ : ૨૦૧૩–૧૪ની નવી યોજના જે ૨૦૧૪–૧૫માં ચાલુ યોજના તરીકે કાર્યરત થશે )આઈટમવાર ખર્ચ પત્રકમાં દર્શાવવાનો રહેશે.

(૪) પ્રપોઝ અંદાજપત્ર ૨૦૧૪–૧૫માં દર્શાવવામાં આવનાર નોનરીકરીંગ ખરીદી માટેની આઈટમો /સાધનોની અંદાજીત કિંમત યાદિ સાથે જસ્ટીફિકેશન અંગ્રેજી/ગુજરાતીમાં દર્શાવવાનું રહેશે.આઈટમોની યાદી અને જસ્ટીફિકેશન હશે તો જ વર્ષ : ૨૦૧૪–૧૫ નાં અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવશે. (પત્રક–૪) આ આઈટમોમાં હેતુફેર કરવાનો અવકાશ ન રહે તે રીતે રજુ કરવાનું રહેશે.

...૧...

(૫) વર્ષ : ૨૦૧૪–૧૫માં નોન રીકરીંગ આઈટમો કોલેજ કક્ષાએ ડીનની અધ્યક્ષતા હેઠળ કોલેજ કમિટી પછી સેન્ટ્રલ કમિટીની મંજુરી મેળવવા આયોજન શાખાને રજુ કરવાનું રહેશે. સંશોધન કેન્દ્રએ સીધી સેન્ટ્રલ કમિટીને રજુ કરવા આયોજન શાખાને મોકલાવી મંજુરી મેળવી રજુ કરવાની રહેશે. સેન્ટ્રલ કમિટીની મંજુરી સિવાય સાધનોનો અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવશે નહિં.

(૬) <u>વર્ષ : ૨૦૧૪–૧૫ ના અંદાજપત્રમાં નીચે મુજબ જરૂરીયાત ઘ્યાને રાખી જોગવાઈ કરવાનીરહેશે.</u>

- ✓ _પગાર ભથ્થામાં અંદાજીત ૨૦% વધારો દર્શાવવો, યોજના હેઠળ મંજુર થયેલ મહેકમ અન્વયે અધિકારી/કર્મચારીનો પગાર ગણતરી કરી અલગ પત્રકમાં દર્શાવવું.
- ✓ રીકરીંગ સદરે અગાઉનાં વર્ષમાં થયેલ ખર્ચને ઘ્યાનમાં રાખી જરૂરીયાત મુજબ આગામી વર્ષ : ૨૦૧૪–૧૫ માટે રીકરીંગ કન્ટીજન્સી નિયત પત્રક રકમ મુજબ વર્ગીકૃત કરેલ આઈટમ સામે દર્શાવી (પત્રક–૨) સામેલ કરવાનું રહેશે. વર્ષ : ૨૦૧૨–૧૩ની આવક ખાસ દર્શાવવાની રહેશે.
- ✓ ચાલુ વર્ષે ૨૦૧૩–૧૪માં નવી મંજુર થયેલ યોજનામાં બાકી રહેલ શૈક્ષણિક કોર્ષોની જરૂરીયાત મુજબ નોનરીકરીંગ આઈટમોનો સમાવેશ કરવો.
- ✓ ચાલુ બાંધકામો મંજુર થયેલ અંદાજીત ખર્ચની મર્યાદામાં ૩૩% પ્રમાણે ત્રણ વર્ષમાં પૂર્ણ કરી શકાય તે મુજબ બાકીના વર્ષમાં સ્ટેજવાર બાંધકામ દર્શાવી માહિતી રજુ કરવાનીરહેશે. (પત્રક–૩, કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી)
- ✓ નોન રીકરીંગ સાધનોમાં અતિ આવશ્યક હોય તેવા લેબોરેટરી, ફાર્મ ઈકવીપમેન્ટ, ઈલેકટ્રોનીક અને ફર્નીચર અલગ હેડ હેઠળ દર્શાવવાના રહેશે.
- ✓ પ્લાન યોજનામાં શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ શિક્ષણ હેઠળ નોન રીકરીંગ સદરે લેબ/ફાર્મ ઈકવીપમેન્ટની ખૂબ જ જરૂરીયાતવાળા સાધનો પૈકી નવું સાધન તરીકે ખરીદવાની જરૂરીયાત છે ? ઉપલબ્ધ સાધન ઉપરાંત વધારાનાં સાધન તરીકે ખરીદવાની જરૂરીયાત છે. તે કોલમમાં અલગથી દર્શાવવાનું રહેશે. (પત્રક–૫) નોન રીકરીંગ સદરે સાધનો કોલેજ લેવલ કોલેજ કમિટી પાસે એપ્રુવ્ડ કરાવી પ્લાનીંગ શાખાને રજુ કરવાનું રહેશે. અને સંશોધન યોજનામાં સાધનો નિયત પ્રફોર્મામાં રજુ કરી પ્લાનીંગ શાખાને કેન્દ્રિય કમિટીમાં રજુ કરવા માટે મોકલી આપવાનું રહેશે.
- ✓ બારમી પંચવર્ષીય યોજના દરમ્યાન સને ૨૦૧૪–૧૫ થી નવી યોજનાઓની દરખાસ્ત નિયત પ્રફોર્મામાં અને પુરતા જસ્ટીફિકેશન / સ્પષ્ટ્રતા સાથે સપ્ટેમ્બર ની ૧૦મી તારીખ સુધીમાં તૈયાર કરવાની રહેશે. આ સમયમર્યાદા પછી આવેલ યોજનાઓનો બજેટમાં સમાવેશ થશે નહિં.

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિધાશાખાધ્યક્ષ

<u>નકલ સવિનય રવાના :</u> પ્રતિ, માન. કુલપતિશ્રીનાં રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ થવા સારું.